દાખલ તારીખ :– ૦૨/૦૮/૨૦૨૩

રજી. લીધા તારીખ:– ૦૨/૦૮/૨૦૨૩

નિકાલ તારીખ :– ૦૯/૦૮/૨૦૨૩

**સમયગાળો :– વર્ષ માસ દિવસ**

૦૦ ૦૦ ૦૭

**મે.ભચાઉના એડિશ્નલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.: ૪૧૮/૨૦૨૩**

**આંક :–૭**

**અરજદાર/આરોપી :** ગંગારામ વેરશી કોલી,
ઉ.વ.૩૪, રહે.ફતેહગઢ,
તા.રાપર–કચ્છ.
હાલે.જયુડી.કસ્ટડીમાં.

**વિરૂધ્ધ.**

**સામાવાળા:** શ્રી સરકાર મારફતે,
અધિક જીલ્લા સરકારી વકિલ,
ભચાઉ–કચ્છ.

**અરજદાર/આરોપીના વિ.વ.શ્રી બી.બી.ઠાકોર**

**સામાવાળાના વિ.વ.શ્રી ડી.એસ.જાડેજા**

**બાબત :–** ક્રિ. પ્રો. કોડની ક.૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજ

**–: ચુકાદો :–**

(૧) જામીન અરજી વંચાણે લીધી, અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રી બી.બી.ઠાકોરને સાંભળ્યા, સામાવાળા શ્રી સરકાર તરફે સરકારી વકિલશ્રી ડી.એસ.જાડેજાને સાંભળ્યા, તપાસ અધિકારીએ રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધું, પોલીસ પેપર્સ વંચાણે લીધા.

(૨) અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રીએ રજુઆત કરતા જણાવ્યુ છે કે, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ રાપર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૯૯૩૦૧૦૨૩૦૧૫૧/૨૦૨૩, પ્રોહી.એકટની ક.૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો નોંધાયેલ છે. હાલની અરજી રેગ્યુલર જામીન મેળવવા અર્થે કરવામાં આવેલી છે. અરજદાર/આરોપીની પ્રોહી બાબતે કોઈ સંડોવણી નથી અને ખોટી રીતે તેમને આ ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી યુવાન વયના છે અને કયાંય નાસી કે ભાગી જાય તેમ નથી અને નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેથી યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા વિનંતી કરેલી છે.

(૩) વિ.એ.પી.પી.શ્રીએ તપાસ અધિકારીએ રજુ કરેલ સોગંદનામાને ધ્યાને રાખી રજુઆત કરતા જણાવ્યું છે કે, ફરીયાદ મુજબ આ કામેના આરોપીઓ પોતાના કબજાની માર્સલ ગાડી રજી.નં.જીજે.૨.આર.૦૧૫૫ વાળીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો તથા બીયર ટીન નંગ-૧૩૩૨ કુલ કિં.રૂા.૧,૬૦,૨૦૦/- નો પ્રોહી મુદદામાલ રાખી રેઈડ દરમ્યાન નાસી જઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યાનો આરોપ છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી આવી પ્રોહીની ગેરકાયદેસર પ્રવૃતિ ચાલુ રાખશે તેથી અરજદાર/આરોપી સામેનો આરોપ તેમજ ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

(૪) બંને પક્ષે રજુઆત સાંભળી. પોલીસ પેપર્સ વંચાણે લીધા. તપાસ અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ રાપર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૯૯૩૦૧૦૨૩૦૧૫૧/૨૦૨૩, પ્રોહી.એકટની ક.૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાનો આરોપ છે. હાલની જામીન અરજી રેગ્યુલર જામીન મેળવવા અર્થે કરવામાં આવેલી છે. અરજદાર/આરોપીની ઉંમર ૩૪ વર્ષની છે.

આ ગુના કામે ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો તથા બીયર ટીન નંગ–૧૩૩૨ કુલ કિં.રૂા.૧,૬૦,૨૦૦/– નો પ્રોહી મુદદામાલ કબજે લેવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામેનો આરોપ, ગુનાની ગંભીરતા અને પકડાયેલ મુદદામાલની માત્રાને ધ્યાને લેતા અરજદાર/આરોપીની નામદાર કોર્ટ સમક્ષ હાજરી જળવાઈ રહે તેને ધ્યાને રાખી આ નામદાર કોર્ટને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવાનું ન્યાયીક અને ઉચિત જણાઈ છે તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

આથી, અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

આરોપીએ રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા લાગુ કોર્ટમાં આપ્યેથી આરોપીને રાપર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૯૯૩૦૧ ૦૨૩૦૧૫૧/૨૦૨૩, પ્રોહી.એકટની ક.૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામે શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧. આરોપીએ જયાં રહેવાના હોય તેનું સરનામુ અને પોતાના મોબાઈલ નંબર જાહેર કરવા અને કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય પોતાનું સરનામુ કે મોબાઈલ નંબર બદલવા નહી.

૨. ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહી કે લોભ લાલચ આપવા નહી.

૩. જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહી.

૪. આરોપીએ ટ્રાયલ દરમ્યાન નામદાર કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેવાનું રહેશે.

૫. આરોપીએ નામદાર કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૬. આરોપીએ ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી દર માસની ૧ લી અને ૧૫ મી તારીખે રાપર પોલીસ સ્ટેશનમાં ક.૦૯–૦૦ થી ક.૧૮–૦૦ વાગ્યા સુધીમાં નિયમિત હાજરી પુરવાની રહેશે.

૭. આરોપીએ ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી રાપર પોલીસ સ્ટેશનની હદમાં હાજરી પુરાવવા સિવાય પ્રવેશ કરવો નહી.

૮. આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો દિન સાતમાં કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો આરોપીએ પાસપોર્ટ ઓફીસમાંથી પાસપોર્ટ મેળવેલ નહી હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

૯. આરોપીએ કોઈ પણ ગુનાહીત પ્રવૃતિમાં સીધુ કે સાંયોગીક રીતે સંકળાવવુ નહી.

આરોપીએ જામીન લાગુ કોર્ટમાં આપવા અને આ હુકમની જાણ રાપર પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૩ ના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

સહી/–

તા. ૦૯/૦૮/૨૦૨૩
સ્થળ : ભચાઉ–કચ્છ.

(પી.ટી.પટેલ)
એડિશ્નલ સેસન્સ જજ,
ભચાઉ–જી.કચ્છ.
જી.જે.૦૦૫૨૮